आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 9 * માર્ચ 2022 * યુગાબ્દ 5123

- સમાજ સામે પડકારો અને પ્રબુદ્ધોની ભૂમિકા.
- ભારતમાં ધર્મ આધારિત વસ્તી વિષયક ફેરફારો અને તેનાં પરિણામો.
- અર્બન નક્સલ - આતંકનો શહેરી ચહેરો.
- ભારતનો પુનઃબોધ, ધર્મપાલજીના વિચારોમાં.










# વિચાર સંદેશ

વર્ષ : 1 અંક : 9
માર્ચ 2022 યુગાબ્દ 5123

## સંપાદકીય

આચાર અને વિચારનો એકબીજા સાથે અત્યંત ઘનિષ્ઠ સંબંધ છે. જે વ્યક્તિ જે પરિસ્થિતિમાં, જે વાતાવરણમાં, જે કાર્યક્રમમાં પોતાનો વધારે સમય ગાળે છે એના વિચાર અને મનોભાવ એ જ બીબામાં ઢળી જતા હોય છે. સંસ્કૃતિઓનું આ જ રહસ્ય છે. જે સંસ્કૃતિની ભાષા, વેશ, ભાવ, રહેણી-કરણી, રીત-રિવાજ, આચાર-વિચારને જે તે માનવ સમૂહ અપનાવે છે, વિચારધારા પણ નિશ્ચિત રૂપમાં એવા પ્રકારની બનતી જાય છે.

'વિચાર સંદેશ'ના પહેલા જ અંકથી શરૂ થયેલ શૃંખલા 'સહચિંતન', કાર્યકર્તાઓની માનસિક સુસજ્જતા વધારવામાં મહત્વનું યોગદાન આપી રહી છે. જેનું પ્રત્યક્ષ નિરૂપણ વડોદરા કેન્દ્રના કાર્યકર્તાઓએ આ મહિને કરેલા એક પ્રયોગમાં જોઈ શકાશે. સુરત કેન્દ્રના કાર્યકર્તાઓએ પણ એક અનૌપચારિક બેઠક દરમિયાન કાર્યને પોષક એવું પ્રશિક્ષણ મેળવ્યું.

મૂળ ભારતીય વિચારના દાર્શનિક આધારને પણ જીવંત અને જ્વલંત રાખવા માટે મંચ સતત જાગૃત રહે છે. સુરત કેન્દ્ર દ્વારા થયેલ કાર્યક્રમ 'भारत का पुनः बोध - धर्मपाल जी के विचार में' ના વિવરણમાં આ બાબત જોવા મળશે. અમદાવાદ કેન્દ્ર દ્વારા પોતાના વિશાળ શહેરના દૂરદૂરના વિસ્તારોના પ્રબુદ્ધજનોને પણ આ પ્રકારનું ઉત્તમ વૈચારિક ભાથું મળતું રહે તેવા ઉત્કૃષ્ટ પ્રયત્નો થયા.

'વિચાર મંથન' સામાયિક અભિયાન પૂરું થયું, સમાંતરે કારમી મહામારીનાં અંધકારમય વાદળો પણ હવે હટી રહ્યાં છે. આ સાથે જ મંચનાં નાનાં-મોટાં દરેક કેન્દ્રો આગામી પ્રત્યક્ષ કાર્યક્રમો માટે સુસજ્જ છે. જેનું પ્રતિબિંબ આપણને આવતા અંકમાં જોવા મળશે.

મહાભારતના એક માર્મિક શ્લોક સાથે વિરમું છું.

शका यवन काम्बोजास्तास्ता: क्षत्रियजातय: ।
वृषलत्वं परिगता ब्राह्मणानामदर्शनात् ।।
( अनुशासन पर्व ३३/२१ )

અર્થાત્
શક, યવન, યુનાની, કંબોડિયા નિવાસી પહેલાં ક્ષત્રિય હતા, પણ જ્યારે ત્યાં બ્રાહ્મણ (આજના પરિપ્રેક્ષ્યમાં સાચા ભારતીય પ્રબુદ્ધજનો) પહોંચ્યા નહીં, તો તેઓ કર્તવ્યચ્યુત થઈને અન્ય ધર્માવલંબી બની ગયા.

**સંપાદક**
પંકજ પુરોહિત

**લે-આઉટ અને ડિઝાઇન**
વૈભવસિંહ ઠાકોર

3

સહચિંતન

6

ભારતીય વિચાર મંચ
અમદાવાદ - વિચાર ગોષ્ઠિ

9

ભારતીય વિચાર મંચ
યુવા આયામ અમદાવાદ - ચર્ચા સત્ર

10

કેન્દ્રશઃ  કાર્યક્રમો

17

પ્રકાશિત ઉત્તમ સાહિત્ય ઓનલાઇન

26

પુસ્તક પરિચય

28

વિચાર બોધ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક

**વ્યવસ્થાપક**

**જ્વનિલ દ્વિવેદી**

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ,
અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :
bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

આ વિષય સહચિંતન માટે છે. ચિંતન અને માર્ગદર્શન વચ્ચે કેટલુંક પાયાનું અંતર છે. સહચિંતન સાથે જોડાએલો શબ્દ છે ચિંતન. અને માર્ગદર્શન સાથે જોડાએલો ભાવ છે કે એક યોગ્યતાપ્રાપ્ત અથવા અધિકૃત વ્યક્તિ અન્ય શ્રોતાઓને જીવનનો યોગ્ય માર્ગ બતાવે છે. સહચિંતન માટે વિષય અન્ય બંધુઓની સામે મૂકનાર વ્યક્તિ પોતે માર્ગદર્શક નથી, ચિંતનનો વિષય સુઝાડનારો છે. અને તેની શરૂઆત પોતાનાથી કરનારો છે.  ચિંતનની સાધનામાં તે પોતે પણ બધાની સાથે જોડાએલો જ છે. તે ઉચ્ચાસન પર બેસી સામે  નીચે બેસેલા  જિજ્ઞાસુઓને ઉપદેશાત્મક શબ્દો કહેનારો છે, યાત્રાનો માર્ગ બતાવનારો છે, તે સહયાત્રી હોય જ એવું આવશ્યક નથી.

આપણે બધા કાર્યકર્તાઓ છીએ. એટલે જે કાર્ય આપણે સ્વીકાર્યું છે,  જે જવાબદારી આપણે માથે લીધી છે તેને પૂર્ણ કરવા માટેની પાત્રતા માટે નિરંતર વિચાર કરનારા લોકો છીએ. આપણે સ્વીકારેલી જવાબદારી સંગઠને,અધિકારી વર્ગે મને આપી તે કેમ આપી ? પહેલો વિચાર એ છે કે મારુ ઘડતર થાય અને હું તે જવાબદારી માટે યોગ્ય બનું એ હેતુથી આ જવાબદારી અપાઇ છે. જો ચિંતન અહીંથી શરૂ થાય તો પૂર્ણ કરવા માટેની મારી યોગ્યતા છે કે નહીં ? યોગ્યતા  પ્રાપ્ત કરી એ જવાબદારી પૂર્ણ કરવા માટેની  યોગ્યતા પ્રાપ્ત કરવી અને તેને માટે આવશ્યક સાધના કરવી એ વ્યક્તિને પોતાની જવાબદારી લાગે છે અને સાધના શરૂ થાય છે.

મને જવાબદારી કેમ મળી એ માટેનો એક બીજો વિચાર પણ હોઇ શકે છે.  આ જવાબદારી માટે હું યોગ્ય છું એટલે જ મને આ જવાબદારી સોંપાઇ છે. એટલે આ જવાબદારીના સંદર્ભમાં હું જે કરું છું તે યોગ્ય જ કરું છું, મારી ભૂલ થવાની કોઇ સંભાવના નથી અને એટલે હું જે કરી રહ્યો છું તે યોગ્ય છે કે મારે હજી આ વિષયમાં સાધના સ્વરૂપે, સુધારા સ્વરૂપે કાંઇ કરવાની, સમજવાની, શિખવાની આવશ્યકતા છે કે નહીં તે બાબતે યોગ્ય કાર્યકર્તાઓ પાસેથી કોઇ માર્ગદર્શન મેળવવાની અથવા વરિષ્ઠ કાર્યકર્તાઓ અથવા સહયોગી કાર્યકર્તાઓનાં કાર્યનું, કાર્યપદ્ધતિનું, વ્યવહારનું નિરીક્ષણ કરી તેમાંથી કાંઇક શિખીને વધુ યોગ્યતા પ્રાપ્ત કરી જવાબદારી સાર્થક કરવાની દિશામાં અથવા જવાબદારી આપનારાઓની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટેના પ્રયાસની દિશામાં કશું કરવાની વૃત્તિ જાગતી નથી. શું આ ભાવ   ચિંતન માગી લેનારો છે ?

આ ભાવ કઈ દિશામાં લઈ જઈ શકે ? હું યોગ્ય છું એટલે આ જવાબદારી મળી છે ત્યાંથી મારી યોગ્યતાને ન્યાય મળે તેવી આ જવાબદારી નથી, મારી ક્ષમતાઓ  તો આના કરતાં પણ વધુ મોટી જવાબદારીઓ સંભાળવાની છે પણ નિર્ણય કરનારા લોકો(અધિકારીઓ)મારી ક્ષમતાઓનો અંદાજ લઈ શકતા નથી તેથી મારી ક્ષમતાઓને અનુરૂપ જવાબદારી ન આપતાં તેનું થોડું ઓછું મૂલ્યાંકન કરીને મને આ જવાબદારી આપી છે. અને તેથી મારી ક્ષમતાઓનો સંગઠનને જેટલો લાભ મળવાની શક્યતા હતી તેટલો નહીં મળે. આમાં ખામી તો જવાબદારી આપનારાઓની હોવાથી પોતે કાંઇક સાધના કરવાની આવશ્યકતાઓનો વિચાર દૂર જ રહે છે.  શું આ ભાવ યોગ્ય છે ? આ પણ ચિંતનનો વિષય બની શકે.

બીજો એક ભાવ એટલે હું એક જવાબદાર કાર્યકર્તા છું એટલે મારી સાથે કામ કરનારા અને મારાં નેતૃત્વમાં કાર્ય કરનારા કાર્યકર્તાઓ મારા વ્યવહારમાંથી, વાણીમાંથી, આચરણમાંથી જ શીખવાના છે. અને એટલે મારે વિચાર અને વ્યવહારની બાબતમાં સતત, અહર્નિશ જાગ્રત રહેવું અનિવાર્ય છે. કારણ હું જો એમ ન કરું તો અન્ય સહકારીઓ પર ખોટી અસર પડશે અને કાર્યને તેમનાં કાર્યથી જેટલો લાભ થવો જોઇએ એટલો નહીં થાય આ ભાવ પોતાને સાધક બનવા તરફ દોરી શકે. એક નાનું ઉદા. આપું છું.

આપણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘથી પરિચિત છીએ. તેનાં એક કાર્યકર્તા, જ્ઞાતિ વ્યવસ્થાની દ્રષ્ટિથી કથિત પછાત વર્ગના, વ્યવસાયની દ્રષ્ટિથી ચોથા વર્ગના કર્મચારી અને જવાબદારીની દ્રષ્ટિએ નગર સ્તરના કાર્યકર્તા, એક સંચલન(રૂટ માર્ચ)માં ઘોષપથક(બેંડ ગ્રુપમાં હતા. સ્વાભાવિક જ ગણવેશમાં(યુનિફોર્મમાં હતા. કાર્યક્રમ પૂરો થતાંની સાથે જ સૌથી નજીકના એક પથ્થર પર બેસી ગયા અસ્વાભાવિક ઝડપે અને એક બુટ પગમાંથી કાઢી નાખ્યો. સદ્ભાગ્યે હું સાથે જ હતો એટલે જોયું તો તેમનો આખો બુટ અને મોજું લોહીથી લદબદ હતું, થોડા આંચકા સાથે મેં પૂછ્યું, શું થયું ? તો તેમણે કહ્યું, બુટની એક ખિલી ઉંચી થઇ ગઇ અને દરેક પગલે પગની એડીમાં ખુંચતી જતી હતી. મેં તેમને પૂછ્યું, કાર્યકર્તાઓ ગાર્ડીંગ માટે મોટરસાઇકલ લઇને હતા જ, તમે કેમ નિકળી ન ગયા વચ્ચેથી ? ત્યારે તેમણે આપેલો જવાબ મારે માટે જીવનભર માર્ગદર્શક હતો. તેમણે કહ્યું, 'મારા પર નગર સ્તરની જવાબદારી છે, મારા નગરના સ્વયંસેવકો પણ સંચલનમાં હતા. હું નિકળ્યો હોત તો તેમને પણ એમ જ લાગત કે જ્યારે નિકળવાની ઇચ્છા થાય ત્યારે વચ્ચેથી નિકળી જ શકાય. આ અયોગ્ય સંસ્કાર માટે હું જવાબદાર બનત. આજનો દુ:ખાવો તો થોડી વારમાં મટી જશે. પેલાંથી વધુ, કાયમી અને સંગઠનને નુકસાન થાત. આ એક વિચારવાની નવી દિશા છે. શું આ ચિંતનનો વિષય બની શકે ?

કાર્યકર્તા તરીકે પહેલો વિચાર કોનો આવવો જોઇએ ? કાર્યનો કે પોતાનો ? કાર્યના લાભાલાભનો કે પોતાના લાભાલાભનો ? કાર્યની પ્રતિષ્ઠાનો કે પોતાની પ્રતિષ્ઠાનો ?

આનું ચિંતન કરવા માટે બે ઘટનાઓ કહીને આજની વાત પૂરી કરીશું.

મહાભારતનાં યુદ્ધમાં દ્રોણાચાર્ય શસ્ત્ર મૂકે અને તેમનો દેહાંત થાય તે આવશ્યક હતું, દ્રોણાચાર્ય શસ્ત્ર ક્યારે મૂકે ? તેનો માર્ગ શોધીને જાહેરાત થઇ, अश्वत्थामा हत: नरो वा कुंजरो वा । અશ્વત્થામા(દ્રોણાચાર્યનો દિકરો) હણાયો હાથી અથવા નર.

अश्वत्थामा हत:ની જાહેરાત મોટા અવાજે થઇ. આહત દ્રોણાચાર્યે વાતની ખાત્રી કરવા માટે કોઇને પૂછવાનું નક્કી કર્યું, અને કોને પૂછાય, શત્રુપક્ષે હોવા છતાં જેની સત્યનિષ્ઠા પર શતપ્રતિશત વિશ્વાસ રાખી શકાય તેવા યુધિષ્ઠિરને પૂછ્યું, યુધિષ્ઠિરે કહ્યું, હા 'अश्वत्थामा हत:' અશ્વત્થામા હણાયો છે. સત્યવાદી હતા એટલે ધીમા અવાજે સત્ય બોલ્યા, કદાચ હાથી અથવા નર. યુધિષ્ઠિર પર વિશ્વાસ રાખી દ્રોણાચાર્યે શસ્ત્રત્યાગ કર્યો અને અર્જુને તેમનો વધ કર્યો. એમ કહે છે કે બીજા કોઇને તો યુધિષ્ઠિરની આ ચાલાકીની ખબર ન પડી પણ નિયતીને તો પડી અને તેથી સત્યભાષી હોવાની શક્તિથી ભૂમિથી ચાર આંગળ ઉંચો ચાલતો રથ જમીનસરસો થઇ ગયો.સંપૂર્ણ ઇતિહાસમાં તેમની સત્યવાદીની પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઇ.

આવું કેમ થયું ? એ ધર્મયુદ્ધમાં ધર્મનો વિજય અનિવાર્ય હતો, તેને માટે દ્રોણાચાર્યનો વધ પણ અનિવાર્ય હતો. અને એ બધું જ યુધિષ્ઠિરના એક વાક્ય પર આધારિત હતું. ત્યારે જો તેમણે ધર્મયુદ્ધમાં વિજયને બદલે પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠાને વધુ મહત્ત્વ આપ્યું હોત તો ?

કદાચ ધર્મયુદ્ધમાં વિજયને ભોગે પણ પોતાની સત્યવક્તાની પ્રતિષ્ઠા ટકાવી શક્યા હોત. યુધિષ્ઠિરે જે કર્યું તે યોગ્ય હતું કે અયોગ્ય ? કાર્યકર્તાએ કાર્યની સફળતાને વધુ મહત્ત્વ આપવું જોઇએ કે વ્યક્તિગત પ્રતિષ્ઠા ને ? આ પણ એક મુદ્દો સહચિંતન માટે મૂકું છું.

એવી જ રીતે પિતામહ ભીષ્મ ધર્મપક્ષ અને અધર્મપક્ષ જાણતા હતા.અધર્મ અટકાવી ધર્મને ન્યાય અપાવવા સમર્થ જ હતા. પરંતુ કૌરવો દ્વારા પાંડવોને થતાં અન્યાયોને જોઇ જ રહ્યા, પાંડવો અને કૌરવો વચ્ચે રમાએલા જૂગારમાં કુલવધુ દ્રૌપદીને દાવમાં મૂકાતી જોઇ રહ્યા, દુ:શાસન દ્વારા થઈ રહેલાં તેનાં વસ્ત્રહરણને પણ જોઇ રહ્યા, છેવટે ભગવાન કૃષ્ણે દ્રૌપદીની સન્માનરક્ષા કરવી પડી. પિતામહ ભીષ્મે જો અધર્મપક્ષે રહેવાનું નકારી દીધું હોત તો કદાચ આ મહાયુદ્ધ કરવાની હિંમત પણ કૌરવો ન કરી શકત. પણ તેઓ બધા જ અન્યાયો જોતા રહ્યા, અભિમન્યુનો કપટથી થતો વધ જોઇ જ રહ્યા. અને છેવટે નાછૂટકે આ બધાનું કારણ કહેતાં તેમણે કહ્યું, अर्थस्य पुरुषो दास' મનુષ્ય અર્થનો દાસ છે. કૌરવોનું અન્ન પેટમાં ગયું હતું તેથી હું તેમનો અથવા અધર્મનો પક્ષ છોડી ન શક્યો. અથવા કેવી રીતે છોડું ?' આ વિષય પ્પણ કાર્યકર્તા માટે ક્યારેક ને ક્યારેક ચિંતનનો વિષય અને તેને આધારે નિર્ણયનો વિષય બની શકે છે. શું આપણે માટે ચિંતનયોગ્ય છે ? વિચાર કરીએ.

છેલ્લી વાત

આ સંપૂર્ણ ચિંતનનો આધાર મન છે. મન જ મનુષ્યને યોગ્ય કે અયોગ્ય રસ્તે લઈ જાય છે. આપણે ત્યાં કહ્યું છે,

मन : एव मनुष्याणां कारणं बंधमोक्षयो ।મન જ મનુષ્યના બંધન કે મોક્ષનું અર્થાત્ ઉત્થાન કે પતનનું કારણ છે. અથવા मन: एव मनुष्याणाम् शरीरस्थो महारिपु. મન જ મનુષ્યનાં શરીરમાં રહેલો તેનો મહારિપુ છે.

તે જ તેને યોગ્ય કે અયોગ્ય માર્ગ પર લઈ જાય છે. તેથી તેથી તેના પરનું ચિંતન જ સૌથી મહત્ત્વનું છે. શું આપણને આ વાત યોગ્ય લાગે છે ? લાગતી હોય તો આ પણ ચિંતનનો મુદ્દો બની શકશે. આને માર્ગદર્શનનો નહીં ચિંતનનો જ મુદ્દો બનાવવો આવશ્યક છે એમ લાગે તો તે પણ એક મુદ્દો મૂકું છૂ. ચિંતન હંમેશાં પહેલો પુરુષ એકવચનથી શરૂ થાય છે એ વાત જો આપણને માન્ય હોય તો ચિંતનની દિશા પોતે જ નક્કી કરીએ અને પોતાનાથી શરૂઆત કરીએ.

સંગઠનના કાર્યકર્તા તરીકે આપણે ભા.વિ. મંચનો માર્ગ સ્વીકાર્યો છે. આપણું લક્ષ્ય નક્કી છે. કોઈ પણ લક્ષ્ય તરફ પહોંચવા માટે અનેક માર્ગો હોય છે તે વાત સાચી જ છે. પણ કોઈ પ્રવાસી જો થોડી થોડી વારે રસ્તો બદલતો રહે તો ? મને લાગે છે કે તે લક્ષ્ય પર પહોંચી જ નહીં શકે, પહોંચશે તો કદાચ ઘણા મોડા પહોંચશે. એટલે સમયસર લક્ષ્યપ્રાપ્તિ માટે માર્ગ પ્રત્યેનો વિશ્વાસ અને નિષ્ઠા ટકાવવાની અને વધારવાની આવશ્યકતા છે.

ગોસ્વામી તુલસીદાસજી સાંપ્રદાયિક નહોતા. પણ તેમણે રામભક્તિનો માર્ગ સ્વીકાર્યો હતો. એ માર્ગ તરફ જોવાની તેમની દ્રષ્ટિ કેવી હતી ?

તેઓ વૃંદાવન ગયા, ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા સામે ઊભા રહયા. આંખ બંધ હતી, હાથ જોડેલા નહોતા. પોતાના પ્રમાણમાં અવિવેકી વ્યવહારનો ખુલાસો કરતા તેમણે

કહ્યું, 'शीष मुकुट मुख मोरली भलो सज्यो हे नाथ, પરંતુ, तुलसी मस्तक तब नमे धनुष्यबाण जब हाथ ।

રા.સ્વ. સંઘના દ્વિતીય સરસંઘચાલક શ્રી મા.સ. ગોળવલકર, શ્રી ગુરુજી કાર્યકર્તાની નિષ્ઠા કેવી જોઈએ તેને માટે અવ્યભિચારિણી નિષ્ઠા શબ્દ વાપરે છે.(અવ્યભિચારિણી શબ્દનો અર્થ આપણે સમજી જ શકીએ છીએ)અને તેને માટે ઉપર ઉલ્લીખિત ગોસ્વામી તુલસીદાસજીનું ઉદા. આપે છે.

મને લાગે છે કે આ પણ આપણાં સર્વોચ્ચ ચિંતનનો વિષય હોઈ જ શકે.

સહચિંતક

# <u>ભારતીય વિચાર મંચ અમદાવાદ - વિચાર ગોષ્ઠિ</u>

<u>સમાજ સામેના પડકારો અને  પ્રબુદ્ધોની ભૂમિકા</u>

ભારતીય વિચાર મંચ, અમદાવાદ દ્વારા તા.૨૦-૦૨-૨૦૨૨, રવિવારના રોજ ઔડા રીડિંગ લાઈબ્રેરી, બોપલ વિસ્તાર ખાતે 'સમાજ સામેના પડકારો અને પ્રબુદ્ધોની ભૂમિકા' વિષય પર વિચાર વિમર્શનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં શ્રીકાંતભાઇ કાટદરેનું વકતવ્ય રહ્યું હતું. કાર્યક્રમ ૧૦.૩૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી ચાલ્યો જેમાં ૬૫ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા.



નિમ્નલિખિત બાબતો પર ચર્ચા થઈ:

ભારતીય સમાજમાં વૈચારિક આદાન-પ્રદાનનું મહત્વ.

વર્તમાન સમયમાં બે પ્રકારના પડકારો સમાજની સામે છે. વૈશ્વિક પડકારો અને સ્થાનિક સમસ્યા, અભારતીય તત્વજ્ઞાન જેવી રીતે ભારત પર થોપવામાં આવી રહ્યું છે, આઝાદી પછીના સમયમાં પણ જે રીતે communism અને મૂડીવાદનું વર્ચસ્વ વધ્યું તેનાથી ભારતને નુકસાન થયું છે. દતોપંતજી કહે છે ત્રીજો રસ્તો માત્ર અને માત્ર ભારત ભારતીય તત્વજ્ઞાન આધારિત નીકળશે. ભારતીય તત્વજ્ઞાનમાં ભારતની અશ્રદ્ધા કેવી રીતે વધે તેવા પ્રયત્નો પણ પુષ્કળ ચાલુ છે.



ભારતીય વ્યવસ્થામાં, ભારતીય પ્રણાલીમાં ભારતીય જીવન પદ્ધતિમાં કેવી રીતે વિકૃતિઓ ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો દેશ વિરોધી શકિતઓ દ્વારા કરવામાં આવે છે. જેમ જેમ આપણે ભારતીય તત્વજ્ઞાન આધારિત વ્યવસ્થા નિર્માણ કરશું તેમ આ બધી સમસ્યાનું સમાધાન થશે.



બીજો પડકાર તુટતી જતી પરિવાર વ્યવસ્થા, માર્ગરેટ થ્રેચર કહે છે, ભારતની પરિવાર વ્યવસ્થાનો અભ્યાસ અને વિચાર કરવો જોઈએ. સંયુક્ત પરિવારની કલ્પના અને સંયુક્ત પરિવાર ટકી રહે એ માટે કયા પ્રકારના વૈચારિક કામ આપણે કરવાં જોઈએ એના પર આપણે ભાર આપવો.




કાર્યક્રમ બાદ પ્રદર્શન તથા વેચાણ અર્થે મુકાયેલ 'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત ઉત્કૃષ્ટ સાહિત્યનું સહભાગીઓએ ખૂબ રસપૂર્વક અવલોકન કર્યું તથા મોટા પ્રમાણમાં ખરીદી પણ કરી.

# ભારતીય વિચાર મંચ - યુવા આયામ અમદાવાદ - ચર્ચા સત્ર

ભારતીય વિચાર મંચ - યુવા આયામ, અમદાવાદનું તારીખ ૨૬/૦૨/૨૦૨૨ શનિવારના રોજ "Religious Demographic Changes In India & its Consequences, ભારતમાં ધર્મ આધારિત વસ્તી વિષયક ફેરફારો અને તેના પરિણામો" વિષય ઉપર ચર્ચા સત્ર થયું. જેમાં અમદાવાદ કેન્દ્રથી કુલ ૧૦ યુવા ચર્ચા સત્રમાં જોડાયા હતા.




ચર્ચાના વિષયોમાં મુખ્ય મુદ્દાઓમાં , આંતરરાષ્ટ્રિય સ્તરે વસ્તી વિષયક ફેરફારોની ચર્ચાથી શરૂઆત થઈ. વૈશ્વિક સ્તરે સિરિયા, અને મિડલ ઈસ્ટ દેશોથી આવેલા શરણાર્થીઓને શરણ આપ્યા બાદ ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રિયા જેવા દેશોમાં આતંકવાદી ઘટનાઓ વધવા લાગી. ત્યારબાદ ભારતના ભૌગોલિક રીતે ક્યા કયા રાજ્યોમાં વસ્તી અસંતુલન થઈ રહ્યું છે તેની ચર્ચા થઈ. પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, આંધ્ર પ્રદેશ, અને જમ્મુ કાશ્મીરમાં થયેલા ધર્મ આધારિત વસ્તી અસંતુલનની ચર્ચા થઈ. ગુજરાતમાં અને વિશેષ અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં હિન્દુઓનું પલાયન અને અન્ય ધર્મના લોકોના વસવાટની સુનિયોજિત પદ્ધતિ વિશે પણ ચર્ચા થઈ. ભારતમાં ધર્મ આધારે વસ્તી વિષયક ફેરફારો વિશે વિસ્તૃત જાણકારી સમાજ સામે પહોંચે તે માટે વિવિધ પ્રકારનાં માધ્યમોથી , તથ્યાત્મક માહિતી ભેગી થાય સમાજ સામે અનેક કાર્યક્રમ, વિડિયો, ફોટોના માધ્યમથી મૂકાય તેવી વાત સાથે ચર્ચા સત્ર પૂર્ણ થયું

## ભારતીય વિચાર મંચ અમદાવાદ - વિચાર ગોષ્ઠિ

ભારતીય વિચાર મંચ, અમદાવાદ અને ભારત વિકાસ પરિષદ દ્વારા તા.૨૭-૦૨-૨૦૨૨ રવિવારના રોજ કરછ કડવા પટેલ સનાતન સમાજ હૉલ, નરોડા વિસ્તાર ખાતે 'અર્બન નક્સલ - આતંકનો શહેરી ચહેરો?' વિષય પર વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ડૉ. શિરીષ કાશીકરનું વકતવ્ય રહ્યું હતું. કાર્યક્રમ ૧૦.૩૦ થી ૧૨.૦૦




વાગ્યા સુધી ચાલ્યો જેમાં ૧૧૫ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા.

'ભારત વિકાસ પરિષદ'નો પરિચય ડૉ. હસમુખભાઈ પ્રજાપતિ દ્વારા આપવામાં આવ્યો. 'ભારતીય વિચાર મંચ'નો પરિચય ઉપાધ્યક્ષ શ્રી સુભાષભાઈ ભાવસાર દ્વારા આપવામાં આવ્યો.




ડૉ. શિરીષ કાશીકર દ્વારા મુકાયેલાં ઉલ્લેખનીય બિંદુ:

અર્બન નક્સલ વિષય સમજવા દૈનિક છાપાના બે સમાચારનો ઉલ્લેખથી શુરુઆત કરી



૧. ઇન્ડિયન એક્સપ્રેસ, યુનિવર્સિટીના શીર્ષ અધિકારીઓના સંબંધો MAOIST સાથે ઉજાગર થયા.

૨. નવેમ્બર મહિનાની ઘટના Maoist મિલિન્દ તિલતુમળેનું જેલમાં એન્કાઉન્ટર તે ઘણા વર્ષોથી CPIM સદસ્ય હતા. એમના ભાઈ અરવિંદ તેલતુમલે પણ ભીમા કોરેગાવ ઘટનામાં સંડોવણીના આરોપસર જેલમાં છે.



અર્બન નક્સલ આતંકનો શહેરી ચહેરો, આતંક એટલે સત્તા, સામાજિક પદ્ધતિ, રિવાજો, એસ્ટેબલિશ સિસ્ટમ પર શહેરની અંદર રહીને સશસ્ત્ર ક્રાંતિ કરવી. આઝાદી પહેલાંથી ભારતમાં સમાંતર વિચારધારા ચાલે છે.




ચીનથી ૧૯૨૦માં સક્રિય કમ્યુનિસ્ટ વિચારધારા ભારતમાં પ્રવેશી. મુખ્ય બે ફાંટા પડે છે communist party of india અને communist party of india (Marxist).



બંગાળથી કમ્યુનિસ્ટ વિચારધારાને  વધારે વેગ મળ્યું તેનું મુખ્ય કારણ ત્યાંના શોષિત, ગરીબ વર્ગનો તે સમયની સ્થિતિનો લાભ ઉઠાવવા સરકાર વિરુદ્ધ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા પરિવર્તન લાવવું. નક્સલ પ્રભાવિત મુખ્ય રાજ્યો મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ છે. જેનું મુખ્ય કારણ ત્યાંના જંગલમાં વસતા વનવાસી બંધુ અને તેમની સમસ્યાઓને પ્રોત્સાહિત કરીને લાભ ઉઠાવવો.

જંગલની સંપત્તિ પર પહેલો અધિકાર જંગલમાં વસતા લોકોનો છે સરકાર દ્વારા વનવાસી લોકોનું શોષણ કરવામાં આવી રહ્યું હોય તેવા ભ્રમ ફેલાવી ગેરમાર્ગે દોરવામાં આવે છે.  સરકારી કર્મચારીઓનું કિડનેપીંગ, કોન્ટ્રાક્ટર પાસેથી ખંડણી ઉઘરાવવી, વેપારીઓનું કિડનેપિંગ કરવું, ટ્રક-જીપને બૉમ્બ લગાવી ઉડાવી દેવી જેવાં કામો નકસલીઓ કરે છે.





આ સંપૂર્ણ ગતિવિધિને બૌદ્ધિક પ્રોટેક્શન આપવા માટે શહેરમાં નેટવર્ક ઉભું કરવામાં આવે છે, જેમને અર્બન નક્સલ કહીશું. જેમનું કામ સંસદીય લોકશાહી પ્રણાલી, વ્યવસ્થાઓ પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન કરી શસ્ત્રક્રાંતિ લાવવી, તેના માટે નવી ટીમ ઉભી કરી નવો નેરેટિવ આપવાનું, શહેરી વિસ્તારમાં તેમના મુખ્ય કામોમાં  ફંડિંગ ઉઘરાવવું, મીડિયા સાથે સંવાદ, Movie, documentary પ્રોડકશન ઉત્પન્ન કરવું, સ્કૂલ, એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ, financial institutions માં પોતાનું વર્ચસ્વ વધારવું.










વિચાર ગોષ્ઠિનું સંચાલન જવનીલભાઈએ કર્યું, ત્યારબાદ ભારત વિકાસ પરિષદ ના નરોડા બ્રાન્ચના પ્રમુખ શ્રી ડૉ. હસમુખભાઇ પ્રજાપતિ દ્વારા આભાર વિધિ કરવામાં આવી.કાર્યક્રમની શરૂઆતમાં બે ત્રણ ઈલેક્ટ્રોનિક પ્રેસ મીડિયા દ્વારા કાશીકરજીનો ઈન્ટરવ્યુ (બાઈટ્સ) લેવાયો.




કાર્યક્રમ બાદ પ્રદર્શન તથા વેચાણ અર્થે મુકાયેલ 'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત ઉત્કૃષ્ટ સાહિત્યનું સહભાગીઓએ ખૂબ રસપૂર્વક અવલોકન કર્યું તથા મોટા પ્રમાણમાં ખરીદી પણ કરી.




સંપૂર્ણ વિચાર ગોષ્ઠિ You Tube પર ઉપલબ્ધ છે.

લિંક : https://youtu.be/4SKvLBXPVtU

## ભારતીય વિચાર મંચ સુરત  - વિચાર ગોષ્ઠિ

તારીખ ૨૮-૨-૨૨ ના રોજ, ભારતીય વિચાર મંચ સુરત કેન્દ્ર દ્વારા 'ભારતનો પુનઃબોધ, ધર્મપાલજીના વિચારોમાં' આ વિષય ઉપર વ્યાખ્યાન સુરત કેન્દ્રના મંત્રી કેતનભાઇ શાહ દ્વારા આપવામાં આવ્યું. ધર્મપાલજી જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત આ વિષય પસંદ કરવામાં આવ્યો હતો.




સામાન્ય રીતે ઓછો રસપ્રદ એવો વિષય હોવા છતાં વક્તા દ્વારા વિષયને ખૂબ જ સરળ સમજી શકાય એવો અને લોકોમાં જિજ્ઞાસા જાગૃત કરે તેવી રીતે વિષયની ચર્ચા કરવામાં આવી. ધર્મપાલજી કોણ હતા? એમનો જન્મ ક્યારે અને ક્યાં થયો? તેઓનો કેવા લોકો સાથે સંબંધ રહ્યો વગેરે વાતો વિશે ચર્ચા કરવામાં આવી. ધર્મપાલ જેના સંદર્ભમાં એમના દીકરીએ જે વાતો કરીએ અને ધર્મપાલ દ્વારા કરવામાં આવેલ કાર્યોની ખૂબ ઊંડાણપૂર્વક અને સચોટ રીતે માહિતી આપવામાં આવી. શ્રોતાઓને ધર્મપાલ દ્વારા લખવામાં આવેલા પુસ્તકોમાં રસ પડે એવી રીતે ઉદાહરણ દ્વારા ધર્મપાલજીના કાર્યોને રસપ્રદ રીતે શ્રોતા સમક્ષ મૂક્યા.




દાખલા તરીકે, વર્તમાન સમયમાં વિશ્વ જ્યારે કોરોના મહામારી થી પીડાઇ રહ્યું છે. અને એ સમયે આપણને વેક્સિન મહત્ત્વનો ખ્યાલ આવે છે. એ વેક્સિનની શોધ સામાન્ય રીતે એવું મનાય છે કે પશ્ચિમના દેશમાં થઈ હતી, પરંતુ ધર્મપાલજીના સંશોધનના આધારે ૧૮મી સદીમાં બંગાળની અંદર શીતળાના રોગ માટે થતાં રસીકરણના કાર્ય વિશે અંગ્રેજો દ્વારા લખેલા આધારભૂત પુરાવા અંતર્ગત સાથે કેવી રીતે ભારત વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રે અને તબીબી ક્ષેત્રે પણ આગળ હતું એવા ઉદાહરણો સાથે વિષયના સંદર્ભમાં જિજ્ઞાસા પ્રેરક રીતે રજૂ કરવામાં આવ્યો.



આવનારા સમયમાં ધર્મપાલજીનાં કાર્યોને લઇને કાર્યક્રમો થવાના છે એ વિશે પણ માહિતી આપવામાં આવી. અંતે ધર્મપાલજીને કેમ વાંચવા એને વાંચવાથી આપણને આપણા ભારત પ્રત્યેનો ગૌરવ કેવી રીતે પાછું આવી શકે અને ભારતીય




તરીકે આપણે આપણા ઇતિહાસને ગૌરવપૂર્ણ રીતે જાણી શકીએ એ મુખ્ય વિષયને ધ્યાનમાં રાખીને આખો કાર્યક્રમ થયો. વિષયને અંતે પ્રશ્નોત્તરી પણ થઈ જેના દ્વારા વિષયમાં વધુ ઊંડાણપૂર્વક જાણવા મળ્યું. કોરોનાના સમય પછી પ્રથમ વખત મોટો કાર્યક્રમ કર્યો અને સફળ રહ્યો. જેમાં કુલ ૪૫ જેટલા લોકો હાજર રહ્યા.

કાર્યક્રમ બાદ પ્રદર્શન તથા વેચાણ અર્થે મુકાયેલ 'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત ઉત્કૃષ્ટ સાહિત્યનું સહભાગીઓએ ખૂબ રસપૂર્વક અવલોકન કર્યું તથા મોટા પ્રમાણમાં ખરીદી પણ કરી.



## ભારતીય વિચાર મંચ સુરત

## પ્રમુખ કાર્યકર્તાઓની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય અધિકારી મા. ભૈયાજી જોશી સાથે બેઠક

તારીખ : ૩/૩/૨૦૨૨

સ્થળ : આંબેડકર ટ્રસ્ટ લાઇબ્રેરી

વિષય : ભા.વિ.મંચ સુરત કેન્દ્રના પ્રમુખ કાર્યકર્તાઓની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય અધિકારી મા. ભૈયાજી જોશી સાથે બેઠક યોજાઈ.

મા. ભૈયાજીએ વૈચારિક કાર્યનું મહત્વ, એને કેવી રીતે આગળ લઈ જવું એ વિષય ઉપર માર્ગદર્શન આપ્યું. કાર્યકર્તાના મનમાં ઉદભવતા પ્રશ્નોનું સમાધાન પણ કર્યું.



બેઠક દરમિયાન મા. ભૈયાજીએ વૈચારિક કાર્યને કેવી રીતે વધારે મજબૂત કરી શકીએ એ માટે નીચે મુજબનાં વિશેષ સૂચનો કર્યાં.

(૧) કાર્ય સતત ગતિમાન રહે એ માટે સ્ટડી સર્કલ જેવી વ્યવસ્થા બનાવવી.

(૨) અન્ય સામાન્ય વિષયના ચર્ચા સત્રો થાય એની સાથે વાર્ષિક અતિ મહત્વના ૨-૩ વિષય ઉપર ચર્ચા કરવી.

(૩) વિષય પસંદગી સમયે વિશેષ કરીને ત્રણ મહત્વની વાતોને ધ્યાનમાં લેવી. જે આ પ્રમાણે છે "વિષય ભ્રમને દૂર કરનારો હોય, વિષય અજ્ઞાનને દૂર કરનારો હોય અને વિષય સ્વાભિમાન જગાડનારો હોય". આમ આ ત્રણ વસ્તુને ધ્યાનમાં રાખીને વિષય નક્કી કરવો.

(૪) ચર્ચા સત્રો કરવા : જેનો ઉદ્દેશ વિષયને સમજ સુધી લઇ જવાનો છે એવો રાખવો.



(૫) કોઈ એક વિષયને લઈને ઓછામાં ઓછા, દ્રિસ્તરિય કાર્યક્રમ કરવા. કોઈ એક વિષય ઉપર વ્યાખ્યાન/વિચાર ગોષ્ઠિ થાય એમાં જે લોકો ભાગ લે/શ્રોતા, ફક્ત એ જ લોકોને ફરીથી એ જ વિષયના ચર્ચા સત્રમાં આમંત્રિત કરવા. વિષયને કેટલા લોકો સમજ્યા છે એ જાણવામા ઉપયોગી થશે.

(૬) વૈચારિક ક્ષેત્રે થતાં કામોની અસરનું આકલન કરવું સરળ નથી, માટે આપણે આપણા કામમાં ધ્યાન આપવું. કાર્યનો ઈમ્પેક્ટ/પ્રભાવ થાય છે કે નહિ એ વિષયમાં બહુ વિચારવું નહિ. કેમ કે આગળ કહ્યું એમ વૈચારિક ક્ષેત્રનાં કામની આકારણી કરવી મુશ્કેલ છે. ઉદાહરરૂપે હોસ્પિટલ બને ત્યાં કેટલાં ઓપરેશન થાય છે એ જાણી શકાય પણ એ હોસ્પિટલ બનવાથી સ્વાસ્થ્ય ક્ષેત્રમાં કેટલી જાગૃતિ આવી એ જાણવું મુશ્કેલ છે.





(૭) સમાજમાં રહેલ અલગ-અલગ સંસ્થા અને સંગઠનોને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ યોજવા. ઉદાહણરૂપે શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાના લોકોને આમંત્રિત કરીને એ લોકોને લાગતો કાર્યક્રમ કરવો.

(૮) કાર્યકર્તાને ધ્યાનમાં લેવાની વાતો : જે વિષય ઉપર કાર્યક્રમ થાય છે એ વિષયને લઈને દરેક કાર્યકર્તા પોતે તૈયાર થાય અને પોતાના જીવનનું આચરણ એ વિષયને અનુરૂપ બનાવે. એટલે કે ફક્ત વિષયને સાંભળવો સમજવો જ નહિ પણ, પરંતુ જીવનના આચરણમાં પણ લાવવો.

(9) વિચાર મંચનું કામ વૈચારિક ક્ષેત્રે કાર્ય કરવાનું છે. લોકો કહે કે તમે ફક્ત વાતો કરો છો ત્યારે આપણે એ લોકોને સંઘમાં જમીન ઉપર કાર્ય કરતા સંગઠનો વિશે જણાવવું.

## ભારતીય વિચાર મંચ વડોદરા - ચર્ચા સત્ર

શનીવાર દીનાંક: ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સાંજે સાત વાગે ભારતીય વિચાર મંચ વડોદરા, કોર ગ્રુપની ઓફ લાઈન બેઠક મળી હતી.




નક્કી થયા મુજબ ચર્ચા સત્રમાં શ્રી જયેશભઈ મહિચાએ વિષય

*મેક ઈન ઈન્ડિયાનાં તથ્યો, દૃષ્ટિકોણ અને ભવિષ્ય* ઉપર લગભગ પચીસ મિનીટ સુધી વિવિધ માહિતી આપી હતી. જેમાં મુખ્ય્ત્વે

જણાવ્યું કે..

૦૧. મેક ઇન ઇન્ડિયાની શરૂઆત ૨૦૧૪ થી થઇ અને એની પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ.

૦૨. આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં શું વિભાગીય સંરચના કરવામાં આવી.

૦૩. આયાત અને નિકાસમાં વાર્ષિક ધોરણે જે નુકસાન અને રાજકોષીય ઘટનું અંતર તેમજ આત્મનિર્ભર ભારત અંતર્ગત સ્વદેશી ઉત્પાદનોની કંપનીઓને પ્રોત્સાહન આપી લાભ આપવો. પરંતુ ભારતનો વિદેશ સાથે મુખ્યત્વે ચીન સાથે આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત ઘટી શક્યો નથી.

૦૪. રીન્યુએબલ એનર્જીમાં સ્વદેશી ટેકનિકનો ઉપયોગ કરી બહારના દેશો ઉપરની નિર્ભરતા ઓછી કરવાનો પ્રયત્ન.

૦૫. વિદેશી કંપની અને વિદેશી નિવેશનું આગમન ભારતના આત્મનિર્ભર અભિયાન માટે વરદાન છે કે અભિશાપ છે.?



૦૬. શું થોડી ઘણી કંપનીઓના growth થી મેક ઇન ઇન્ડિયાનાં લક્ષ્ય સુધી પહોંચી શકાશે ખરું ? શું ભારત ઉધોગીકરણમાં ખરેખર આગળ વધી શકશે ખરું ?

૦૭. આર એન ડી જેવા મહત્વપૂર્ણ વિભાગ દ્વારા દેશના વિશ્વવિધાલય, અનુસંધાન કેન્દ્ર, કંપનીઓ વગેરેને વધુ મદદ કરી સ્વનિર્ભર ભારતીય ટેકનીક માટે પ્રોત્સાહિત કરી શકાય ?

ચર્ચામાં શ્રી કલ્પેશભાઈ નાયકે ભારતના ભૂતકાળમાં વિશ્વના જીડીપીમાં ભારતનો ખુબજ મોટો હિસ્સો હતો જે ટકાવારીમાં 23 ટકા કરતા પણ વધારે હતો. તે સિવાય આ ટકાવારીમાં ખેતી અને બીજા વ્યવસાય કેટલા કારણીભૂત હતા તેમજ ઉધોગોનું પ્રમાણ કેટલું હતું એ બાબત પણ એમણે વિશેષ માહિતી આપી હતી.

પોતાની રુચિના ક્ષેત્રમાં આ વિષયના સંદર્ભમાં અભ્યાસ કરીને ઉપસ્થિત રહેલા દરેક કાર્યકર્તાઓએ આર્થિક, સંરક્ષણ, ઔધોગિક જેવાં વિવિધ પાસાંઓની પણ વિસ્તૃત છણાવટ કરી. આ બહુઆયામી ચર્ચા, કાર્યકર્તાઓનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારનારી બની રહી.

# પુસ્તક પરિચય

પુસ્તક પરિચય

પુસ્તકનું નામ : ધર્મ અને સંસ્કૃતિ એક વિવેચન

લેખક : રંગા હરિ


અનુવાદ : શ્રીકાંત કાટદરે

પ્રકાશક : ભારતીય વિચાર મંચ.

પાનાં : ૧૩૫.

મૂલ્ય : ૧૫૦/- રૂપિયા.

પ્રથમ આવૃત્તિ : ચૈત્ર વદ ૩, યુગાબ્દ ૫૧૧૯ ( તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૭ )




ધર્મ અને સંસ્કૃતિ એ બંને શબ્દોનું એ પરમ દુર્ભાગ્ય છે કે તે પોતાનો સાચો અર્થ ખોઇ બેસીને એક વ્યાપક ગેરસમજનો ભોગ બની ઉપેક્ષિત થઇ ગયાં છે. સંસ્કૃત શબ્દોના અંગ્રેજી અનુવાદની કુપ્રથા આને માટે વ્યાપકરૂપે જવાબદાર ગણી શકાય. અંગ્રેજોએ સિવિલાઈઝેશન (સભ્યતા)નો અર્થ સંસ્કૃતિ અને ધર્મનો અર્થ રિલિજન (પૂજા પદ્ધતિ) કર્યો અને અંગ્રેજભક્ત ભારતે આ જ અનર્થોને પ્રચલિત કર્યા. પરિણામે બંને શબ્દો પોતાનું સ્વત્વ ખોઈ બેઠા અને તેમનો અત્યંત અનર્થકારી ઉપયોગ થયો. આનાં અત્યંત દૂરગામી દુષ્પરિણામો ભારત ભોગવી રહ્યું છે.

સામાન્ય વાતચીતમાં, સાહિત્યલેખનમાં, કટારલેખકોનાં વિશ્લેષણોમાં પ્રસાર માધ્યમોમાં આના અનર્થકારી ઉપયોગે ઘણું મોટું નુકસાન

કર્યું છે. સંસદમાં લખાએલાં સૂત્રો પણ નિરર્થક થઈ ગયા છે અને સમાજજીવન સુકાનવિહોણું બની દિશાવિહીન થઈ ગયું છે.

આજે જ્યારે આ શબ્દોને યોગ્ય રીતે સમજવાની અને ધીમે ધીમે આચરણના કેન્દ્રમાં લાવવાની આવશ્યકતા છે ત્યારે પ્રસિદ્ધ ચિંતક, વિચારક અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માધ્યમથી સમાજસમર્પિત મનીષી શ્રી રંગા હરિ દ્વારા આ બંને શબ્દો અને તેનાં બધાં જ પાસાંની મૂળગામી વિશ્લેષણાત્મક અને અત્યંત રસાળ શૈલીમાં કરાએલી છણાવટ અત્યંત ઉપયોગી નીવડશે એવું લાગે છે. પોતાના વિદ્વતાપૂર્ણ, સસંદર્ભ અને સર્વસામાન્ય માણસને ધ્યાનમાં રાખીને કરાએલાં વિશ્લેષણમાં તેમણે આ બંને શબ્દોના અર્થ, ઉપયોગીતા, સર્વકાલીક પ્રાસંગિકતાને સ્પષ્ટ કરી દીધાં છે.

માનવતાના પરિપૂર્ણ વિકાસ અને વિશ્વમાનવતાના સંરક્ષણ અને સંપોષણ માટે આ બંને શબ્દો અત્યંત આવશ્યક છે. કારણ તે બંને મનુષ્યના વ્યક્તિગત અને સામૂહિક આચરણ સાથે જોડાએલા શબ્દો છે. વર્તમાન વૈશ્વિક સમસ્યાઓ અને દૂરાવસ્થાનું કારણ ધર્મવિહીન આચરણ અને સંસ્કૃતિવિહીન જીવન જ છે.

લેખક શ્રી ના મનોગત પ્રમાણે દેશના સામાન્ય માણસને ધ્યાનમાં રાખીને જ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને તેઓને આશા છે કે તે બધા વાચકોને બોધગમ્ય બનશે.

ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત આ પુસ્તક સુજ્ઞ અધ્યેતાઓને વધુ અધ્યયન માટે દિશાદર્શક બને તથા સમાજમાંથી આ શબ્દોના અનર્થકારી ઉપયોગથી થતાં નુકસાનનું નિવારણ કરવામાં મદદરૂપ થાય તેવું છે.

# વિચાર બોધ

## મજબૂત મનોબળ

આ એક સત્યઘટના છે. ઉતરપ્રદેશની વતની અરુણીમા સિંહા વોલીબોલ અને ફુટબોલની નેશનલ પ્લેયર હતી. તા.૧૧ એપ્રિલ, ૨૦૧૧ના રોજ અરુણીમા પદ્માવતી એક્સપ્રેસ દ્વારા લખનૌથી દિલ્હી જઇ રહી હતી. જનરલ ડબ્બામાં ઘૂસેલા કેટલાક ચોરનું ધ્યાન અરુણીમાએ પહેરેલી સોનાની ચેઇન પર પડ્યું. ચેઇન ઝૂંટવવા ચોરમંડળીએ પ્રયાસ કર્યો અને અરુણીમાએ એનો વિરોધ કરતાં ચોરોએ અરુણીમાને ચાલુ ટ્રેનમાંથી નીચે ફેંકી દીધી.

બરાબર એ જ સમયે બાજુના ટ્રેક પરથી બીજી ટ્રેન પસાર થઈ. અરુણીમાનો એક પગ ગોઠણ નીચેના ભાગથી કપાઈ ગયો અને બીજા પગના હાડકા બહાર આવી ગયા. અરુણીમાએ મદદ માટે ખૂબ બૂમો પાડી પણ રાત્રીના અંધકારમાં એનો અવાજ લોકો સુધી પહોંચી જ નહોતો શકતો. આખી રાત એ પીડાથી કણસતી રહી, આંખે અંધારા આવી ગયા અને દેખાતું પણ બંધ થઈ ગયું. સવારે લોકોનું યાન પડતાં એને નજીકની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી.

હોસ્પીટલમાં એનેસ્થેસીયાની સુવિધા નહોતી એટલે ડોકટરો મુંઝાયા કે, બેભાન કર્યા વગર સારવાર કેમ કરવી. અરુણીમાને દેખાતું નહોતું પરંતુ બધું સાંભળી શકતી હતી એટલે એણે ડોકટરોની અંદરોઅંદરની વાત સાંભળીને કહ્યું, મેં અત્યાર સુધી જે પીડા સહન કરી છે એની સામે બીજી બધી જ પીડા કંઈ નથી. મને એનેસ્થેસીયા આપ્યા વગર જ સારવાર આપો. ડોકટરોએ છોકરીની હિંમત જોઈને ઓપરેશન કરવાની હિંમત કરી અને એનેસ્થેસિયા વગર એનો એક પગ કાપી નાંખ્યો અને બીજા પગમાં સળીયા નાંખ્યા.

અરુણીમાને ત્યારબાદ દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી. બધા કહેતા હતા કે, હવે આ છોકરી જીવન કેવી રીતે વિતાવશે ? હોસ્પીટલના બિછાને પડ્યા પડ્યા અરુણીમાએ એક સંકલ્પ કર્યો 'મારે માઉન્ટ એવરેસ્ટ સર કરવો છે.' જે લોકોએ આ વાત જાણી એ અરુણીમાને ગાંડી ગણવા લાગ્યા. ૪ મહિના બાદ જ્યારે અરુણીમાને હોસ્પીટલમાંથી રજા મળી તો એ ઘરે જવાને બદલે સીધી જ ૧૯૮૪માં માઉન્ટ એવરેસ્ટ સર કરનાર બચેન્દ્રીપાલની ઘરે પહોંચી. પોતાના સંકલ્પની બચેન્દ્રીપાલને વાત કરી. વાત સાંભળીને બચેન્દ્રીપાલની આંખો પણ ભીની થઇ ગઈ. એણે અરુણીમાને કહ્યુ, બેટા, તે મનથી તો એરરેસ્ટ સર કરી જ લીધું છે, હવે તારે માત્ર દુનિયાને એ બતાવવાનું છે. ઘરે આવીને અરુણીમાએ પર્વતારોહણની તાલીમ લેવાનું ચાલુ કર્યું. ખુબ મુશ્કેલી પડે કારણ કે, એક પગ નકલી હતો અને બીજા પગમાં સગીયા હતા. પણ હારીને બેસી જાય તો એ અરુણીમા નહી. અનેક સંઘર્ષોની વચ્ચે પણ એણે પ્રયાસો ચાલુ જ રાખ્યા. દુનિયામાં કોઇને વિશ્વાસ નહોતો કે, અરુણીમા એવરેસ્ટ સર કરી શકશે. અનેક મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં, મૃત્યુ સામે બાથ ભીડીને પણ આ વીર નારીએ તા.૨૧મી મે, ૨૦૧૩ના રોજ માઉન્ટ એવરેસ્ટ સર કરીને હોસ્પીટલની પથારી પર જોયેલા સપનાને સાકાર કર્યું. લોકો મોઢામાં ગળાં નાંખી ગયાં. ભારતની

એક છોકરીએ અશક્યને શક્ય કરી બતાવ્યું અને કોઈ વિકલાંગે એવરેસ્ટ સર કર્યુ હોય એવી પ્રથમ ઘટનાનું માન મેળવ્યું. ત્યારબાદ અરુણીમાએ વિશ્વના તમામ ઉંચા પર્વતો સર કરી એ પર્વતો પર તીરંગો લહેરાવવાનો સંકલ્પ કર્યો અને પૂરો પણ કર્યો. ગયા વર્ષે ભારત સરકારે દેશની આ વીર દીકરીને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત પણ કરી.

મિત્રો, વિકલાંગતા શરીરથી નહિ, મનથી હોય છે. જે માણસ મનથી વિકલાંગ હોય એ શરીરથી ગમે તેટલો મજબૂત હોય તો પણ કંઈ ન કરી શકે અને જે માણસ મનથી મજબૂત હોય એને સફળ થતાં કોઈ શારીરીક વિકલાંગતા ક્યારેય અટકાવી ન શકે.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.